
કિંમત રૂ. ૫
માસિક
શ્રી સ્વામિનારાયણ
પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૮૭ • ફેબ્રુઆરી ૨૦૨૩
વાલી (રાજ.) બહેનોનાં
મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા
પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



બાપુનગર એપ્રોચ બહેનોનાં મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી



સોનરડા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.લાલજીમહારાજશ્રી




કુબડથલમાં શાકોત્સવ કરતા પ.પૂ.લાલજીમહારાજશ્રી



મહિસા મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી



નવાવાડજ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજીમહારાજશ્રી



નવું રાણીપ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજીમહારાજશ્રી




સંસ્થાપક
પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**




**વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૮૭ ● ફેબ્રુઆરી-૨૦૨૩**

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદનો કાવ્ય વૈભવ | ૦૭ |
| ૦૪. | ભૂમિદાન | ૦૯ |
| ૦૫. | નારદીપુર | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૪ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૧૬ |

# અસ્મદીયમ્

ભક્તિના દિવ્યમાર્ગે ચાલતાં ભગવાનના ભક્તએ પોતાના ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટેનું જે સાધન છે તે અતિ દઢ કરીને રાખવું, જેથી ભક્તિમાં કોઈ વિઘ્ન આવે નહીં અને સુખેથી ભગવાન ભજીને આત્મશ્રેય સાધી શકાય. તે માટે પોતાના અંગનો વિચાર કરવો. મારે કેવા પ્રકારના સાધને કરીને ભગવાન ભજવામાં વધારે સાનુકુળતા થશે. તે પ્રકારને શ્રીજી મહારાજે અંગ તે પોતાનું જેવું અંગ હોય તેને ઓળખીને પછી તેવાજ પ્રકારની ભક્તિમાં તન્મય થવું જોઈએ. તે અંગ કેવું તો સ્વરૂપનિષ્ઠા, આત્મજ્ઞાન, નિર્લોભી, નિષ્કામી, નિઃસ્પૃહી, નિઃસ્વાદી, નિર્માની એ પંચ વર્તમાનમાંથી જે પોતાનું અંગ હોય તેને અતિ દઢ કરવાની આજ્ઞા કરીને પછી સ્વયં પોતાના અંગની વાત કરી જે - ગઢડા પ્રથમ પ્રકરણ ના ૮ વચનામૃતમાં આ રીતે બોલ્યા છે ‘‘શ્રી નરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું, અને અમારી જે મોટપ છે તે તો સ્વસ્વરૂપનો પ્રકાશ તથા શ્રી નરનારાયણની ઉપાસના તે વડે છે, પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય-આભૂષણ તથા રથ, પાલખી, હાથી ઘોડા તેની અસવારી તે વડે કરીને મોટપ નથી, અને આ જગતના સર્વે માણસ અને સર્વે રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઉભા રહે તે વડે કરીને પણ અમારે મોટાઈ નથી.’’ - ભગવાન શ્રીહરિ તો સ્વયં પરમાત્મા છે. તો પોતાના આશ્રિતો માટે આ ઉદાહરણ આપીને કહે છે. માટે આ જગતમાં ભગવાન શ્રી નરનારાયણની જ ઉપાસના ભક્તિ અને આશ્રય કરવાથી આ જગતના જીવાત્માને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને શ્રીહરિનો આશ્રય કરી લેવો એજ મનુષ્ય જન્મની સાર્થકતા છે.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

श्री स्वामिनारायण

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૨૩)

૨૦ થી ૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૦૦ મો પાટોત્સવ ''ઉત્સવ'' પોતાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર બહેનોના મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પુનઃ પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ૪૧ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૨૩)

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર શ્રી ઘનશ્યામ મહારાજના ષષ્ઠિપૂર્તિ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર સોનારડા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર નાના શ્રી હરિકૃષ્ણ મહારાજના શત વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ''ઉત્સવ'' ની મિટિંગ પોતાના અધ્યક્ષ સ્થાને થઈ.

૨૦ થી ૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૦૦ મો પાટોત્સવ ''ઉત્સવ'' પોતાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ૪૧ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ તથા કુબડથલ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા (અમદાવાદ) ૨૯ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

॥ નિમંત્રણ ॥

# શ્રી નરનારાયણદેવનો ૨૦૧મો પાટોત્સવ



સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સૌ પ્રથમ અમદાવાદ કાલુપુરમાં ત્રણ શિખરનું ભવ્ય મહા મંદિર નિર્માણ કરાવીને સંવત ૧૮૭૮ના ફાગણ સુદ- ૩ ત્રીજના રોજ સ્વ સ્વરૂપ એવા ભરતખંડના રાજાધિરાજ શ્રીનરનારાયણ દેવને સ્વયં બાથમાં લઈ પ્રસ્થાપિત કરીને કરોડો જીવોના કલ્યાણનું દ્વાર ખુલ્લું મૂકયું.

શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુંદર માર્ગદર્શનથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણ દેવનો ૨૦૧મો પાટોત્સવ મહોત્સવ ફાગણ સુદ - ૩ ત્રીજ તા. ૨૨-૦૨-૨૦૨૩ને બુધવારના રોજ ધામધૂમથી સંપન્ન થશે.

આ પ્રસંગે દેવદર્શન, ધર્મકુળ દર્શનનો લાભ લેવા પધારવા આપ સૌને મિત્રમંડળ સહિત નિમંત્રણ પાઠવીએ છીએ.

લી. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

**કથાના વક્તાશ્રી : મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી**

## પાટોત્સવ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

**મહા વદ -૩૦ તા. ૨૦-૦૨-૨૦૨૩ સોમવાર**

| | |
|---|---|
| શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા | સવારે ૮-૦૦ થી ૧૦-૩૦, સાંજે ૪-૦૦ થી ૬-૦૦ |

**ફાગણ સુદ-૧/૨ તા. ૨૧-૦૨-૨૦૨૩ મંગળવાર**

| | |
|---|---|
| કથા | સવારે ૮-૦૦ થી ૧૦-૩૦ |
| મહાવિષ્ણુ યજ્ઞ- હરિયજ્ઞનો પ્રારંભ | સવારે૯-૦૦ કલાકે, |

**ફાગણ સુદ-૩ તા. ૨૨-૦૨-૨૦૨૩ બુધવાર**

| | |
|---|---|
| મંગળા આરતી : | સવારે ૫-૩૦ કલાકે |
| ઠાકોરજીનું પૂજન : | સવારે ૬-૦૦ થી ૬-૩૦ |
| શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક : | સવારે ૬-૩૦ થી ૭-૦૦ |
| કથા અને પાટોત્સવની પ્રાસંગિક સભા : | સવારે ૭-૩૦ કલાકે |
| અન્નકૂટ અને રાજભોગ આરતી : | સવારે ૧૦-૩૦ કલાકે |
| અન્નકૂટ દર્શન : | સવારે ૧૧-૩૦ થી ૩-૦૦ |

# સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનો કાવ્ય વૈભવ

- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)



આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદનું સાંપ્રદાયિક સાહિત્ય પ્રદાન ઘણું જાણીતું છે. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત તેમની પદ્ય રચનાઓ કુલ ત્રેવીસની છે. તે પૈકી સોળ ગુજરાતીમાં અને સાત હિન્દી ભાષામાં ધયેલી છે. એમાં ‘‘ભક્તચિંતામણી’’ નામનો ૧૬૪ પ્રકરણોનો કુલ ૮૫૨૭ દોહા ચોપાઈઓ ધરાવતો ગ્રંથ શિરમોર ગણાય છે. જેની રચના તેમણે ગઢપુર ખાતે સંવત ૧૮૮૭ માં કરેલી. તેમણે ૩૦૦૦ જેટલા કીર્તનોની રચના પણ કરેલી છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનો સંપ્રદાયમાં કાવ્ય વૈભવ અદ્વિતીય અને અજોડ છે. તેમનાં કાવ્યો-કીર્તનોમાં ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેનો અખંડ અનુરાગ દ્દષ્ટિગોચર થયા કરે છે.

અન્ય બાવીસ કાવ્ય રચનાઓની વિગતે માહિતી આ મુજબ દર્શાવેલ છે.

(૧) યમદંડ : આ રચના ગુજરાતી ભાષામાં પદ્યરૂપે સંવત ૧૮૬૦ માં કરેલી. જેમાં ૨૦ કડવાં, ૧ ધોળ અને ૧૧૪૪ ચરણ સમાવિષ્ઠ છે. સ્વામીની આ પ્રથમ પદ્ય રચના છે. યમપુરી, નરક યાતનાનાં વર્ણનો છે.

(૨) પુરૂષોતમ પ્રકાશ : આ પદ્યકૃતિ ગુજરાતી ભાષામાં છે. જેમાં ૫૫ પ્રકાર (પ્રકરણ) છે. તે દરેક પ્રકારમાં ૨૦ ચરણ છે. આમાં સ્વામીએ શ્રીજી મહારાજનું માહાત્મ્ય વર્ણવેલ છે.

(૩) સ્નેહ ગીતા : ગુજરાતી પદ્યકૃતિ છે. જેનાં ૪૪ કડવાં અને ૧૧ પદો છે. જેમાં કુલ ૪૯૦ ચરણ છે. આ કૃતિમાં ભગવાન સ્વામિનારાયણમાં તેમના ભક્તોએ કેવો સ્નેહ કરવો જોઈએ તે સમજવા મળે છે.

(૪) વચનવિધિ : આ પદ્યકૃતિ ગુજરાતી ભાષામાં છે. એમાં ૫૨ કડવા, ૧૩ પદ અને કુલ ૪૧૬ ચરણ સમાવિષ્ઠ છે. એમાં ભક્તોએ ભગવાનનાં કેવાં વચન પાળવા જોઈએ તે જાણવા મળે છે.

(૫) સારસિધ્ધિ : ગુજરાતી ભાષાની આ પદ્યકૃતિમાં ૪૮ કડવા અને ૧૨ પદ છે. આ કૃતિમાં સર્વોત્તમ સારરુપ પ્રગટ ભગવાનની પ્રાપ્તિ વિષે તથા સાચા સંતના સમાગમ વિષે જાણવા મળે છે.

(૬) ભક્તિનિધિ : આ ગુજરાતી પદ્ય રચનામાં ૪૪ કડવાં, ૧૧ પદ, બે સોરઠા, બે દોહા અને એક ધોળ છે. કુલ ૫૦૮ ચરણ છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીની આ છેલ્લી કાવ્ય રચના છે. જે સંવત ૧૯૦૨ માં ચૈત્ર સુદી નવમી (હરિ જયંતી) ના દિને કરેલી છે. તેમાં શ્રીજીની ભક્તિ અંગેનું સુંદર વર્ણન કરી ભક્તિનો મહિમા દર્શાવાયેલ છે.

(૭) હરિબળ ગીતા : ગુજરાતીમાં આ પદ્ય રચના છે. જેમાં ૪૪ કડવા, ૧૧

પદ તથા કુલ ૪૦૦ ચરણ છે. આ તો પ્રત્યક્ષ શ્રીહરિના બળની બળવાન ગીતા છે. ભક્તિ વિગેરે સમગ્ર મોક્ષ સાધનોનો આમાં સમાવેશ થયેલ છે.

(૮) હૃદય પ્રકાશ : આ ગુજરાતી પદ્ય રચનામાં ૧૫ પ્રસંગો વર્ણવાયેલ છે. આમાં હૃદયને શુધ્ધ સ્વચ્છ (દોષ રહિત) કરવા તથા હૃદય શુદ્ધિની આવશ્યકતાના ઉપાયો સમજાવાયેલ છે.

(૯) ધીરજાખ્યાન : ગુજરાતી પદ્યમાં રચાયેલ આ કૃતિમાં ૬૪ કડવાં અને ૧૬ પદ છે. કુલ ૭૧૭ ચરણ છે. આ રચનામાં ધ્રુવ, પ્રહલાદ, રાજા હરિશ્ચંદ્ર, નળરાજા, રાજા રંતિદેવ, વિભીષણ..... વિ. અનેક ભક્તો એ વિવિધ પ્રકારના દુઃખો ધીરજપૂર્વક સહન કરેલાં તે વિષે જણાવાયેલ છે.

(૧૦) હરિસ્મૃતિ : ગુજરાતી ભાષાની આ પદ્યકૃતિમાં કુલ ૭ ચિંતામણી છે, જેની કુલ ૩૫૧ પંક્તિઓ છે. આમાં શ્રીજી મહારાજની કેવી રીતે સ્મૃતિ કરવી તે મૂર્તિ વર્ણન, ગુણવર્ણન અને લીલા ચરિત્રોના વર્ણન વિગેરે વર્ણનો દ્વારા સુપેરે સમજાવાયેલ છે.

(૧૧) ચોસઠ પદી : આ ગુજરાતી પદ્ય રચનામાં આઠ આઠ પદના આઠ વિભાગોના મળીને કુલ ૬૪ પદ છે. એમાં શ્રીહરિનો તેમજ સંતોનો મહિમા, વૈરાગ્ય, આત્મજ્ઞાન વિ. વિષેનું વર્ણન છે.

(૧૨) મનગંજન : હિન્દી ભાષાની આ પદ્ય કૃતિમાં કુલ ૧૮૭ દોહાઓ છે. આમાં શરીરને નગરરૂપ, જીવને રાજારૂપ અને મનને બે પ્રધાનો રૂપે વર્ણવાયેલ છે. આ એક રૂપક કાવ્ય ગણી શકાય.

(૧૩) ગુણગ્રાહક : આ એક હિન્દી ભાષામાં લખાયેલ પદ્યકૃતિ છે. જેમાં ૧૦૧ દોહાઓ સમાવિષ્ટ છે. ભગવાન ગુણથી જ પ્રસન્ન થાય છે અને અવુગણથી નાખુશ થાય છે. આમ આ પદ્યો રચનામાં ગુણોનું મહત્વ સમજાવાયેલ છે.

(૧૪) હરિવિચરણ : આઠ વિશ્રામ (પ્રકરણ) ધરાવતી હિન્દીમાં લખાયેલી આ પદ્યકૃતિ ભગવાન સ્વામિનારાયણે પોતાના પ્રાગટ્યથી લઈને અંતર્ધાન થયા સુધી વિવિધ વન, ગામ, નગર, દેશ, તીર્થ વિ. સ્થળોએ કરેલી વિચરણ દરમ્યાનની લીલાઓ વર્ણવે છે.

(૧૫) અરજી વિનય : આ હિન્દી ભાષામાં રચાયેલ પદ્યકૃતિમાં કુલ ૧૦૨ જેટલા છંદ અને દોહા સમાવિષ્ટ છે. ભગવાનને વિનયપૂર્વક દાસભાવે અરજી એટલે કે પ્રાર્થના કરવી તે જણાવાયેલ છે.

(૧૬) કલ્યાણ નિર્ણય : આ ગુજરાતી પદ્ય રચના માં ૧૮ નિર્ણય (પ્રકરણ) છે. આમાં આત્યંતિક કલ્યાણ તેજ કલ્યાણ છે. તેનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિના ઉપાયો બતાવેલ છે.

(૧૭) અવતાર ચિંતામણી : આ ગુજરાતી પદ્યમાં ૩૧ ચોપાઈઓ છે. ભગવાનના વિવિધ અવતારોનું તેમના કાર્ય સાથે વર્ણવાયેલ છે.

(૧૮) ચિહ્ન ચિંતામણી : આ હિન્દી પદ્ય રચનામાં ૧૬ દોહા છે. આ કાવ્યમાં ભગવાનપણાના સૂચક એવા ચરણકમળમાં રહેલા સોળ ચિહ્નોનું ચિંતન કરવા વિશે જણાવાયેલ છે.

(૧૯) પુષ્પ ચિંતામણી : ૩૧ દોહાઓમાં હિન્દી ભાષામાં રચાયેલ આ પદ્યમાં ૩૧ પ્રકારનાં પુષ્પોની વાત જે ભગવાન પોતાને ત્યાં પધારે તો તેમને અર્પણ કરવા વિષે કરાયેલ છે.

(૨૦) લગ્ન શકુનાવલિ : આ હિન્દી પદ્ય રચનામાં ૧૭ દોહા છે. બાર રાશિ (લગ્ન)નું તેના શુભાશુભ ફળ સાથે નું વર્ણન આમાં કરવામાં આવેલ છે.

(૨૧) શિક્ષાપત્રી ભાષ્ય : ગુજરાતી ભાષામાં ૨૬૦ ચોપાઈઓમાં આ કાવ્ય રચાયેલ છે. શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકોની વિશદ છણાવટ તથા સરળ સમજૂતી આમાં આપવામાં આવેલ છે.

(૨૨) વૃત્તિ વિવાહ : આમાં ગુજરાતી ભાષામાં ૨૦ પદો ઉલ્લેખાયેલ છે. આમાં રૂપક દ્વારા સાંસારિક વિવાહની આધ્યાત્મિક જ્ઞાન દૃષ્ટિએ રસિક વર્ણનો કરાયેલાં છે. ભગવાન સાથે પોતાની મનોવૃત્તિરૂપ સ્ત્રીને પરણાવવા વિશે ઉલ્લેખ કરાયેલ છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ આ રીતે કુલ તેવીસ પદ્ય રચનાઓ થકી પ્રત્યેક રચનામાં પૃથક પૃથક મોક્ષપયોગી વિષયો વર્ણવ્યા છે. જે સરળ અને સર્વ સાધારણ છે. શ્રીજીનું પરમ ઐશ્વર્ય તેમનાં સાહિત્યમાં સુપેરે દેખાઈ આવે છે. અત્રે તો તેમનાં કાવ્યો વિશે અલ્પ પરિચય જણાવાયેલો છે જે સુજ્ઞ ભક્તોને અવશ્ય ગમશે. જય શ્રી સ્વામિનારાયણ.



# ભૂમિદાન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી, બાપુનગર)

**રે શ્યામ તમે સાચુ નાણું, બીજુ સર્વે દુઃખદાયક જાણું... રે શ્યામ.**
**.... છે અખંડ અલૌકિક સુખ સારુ, તે જોઈ જોઈ મન મોહ્યું મારું,**
**ધરા ધન તમ ઉપર વારુ... રે શ્યામ.**

સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચિત ગરબીનું આ પદ આપણે સૌ નિયમ ચેષ્ટાના પદ સાથે નિત્ય ગાઈએ છીએ તેમ છતાં ધરા એટલે કે જમીનનું શ્રીહરિને જોઈએ તેવું દાન આપણાથી થઈ શકતું નથી. તેમ છતાં શ્રીહરિમાં જ જેમણે ખરું સુખ માન્યુ છે તેવા ઘણા શૂરવીર દાનવીર ભક્તોએ શ્રીહરિને માત્ર ધન જ નહી પરંતુ ધરાનું દાન કરીને અમર કીર્તિને પામી ગયા છે. ધન્ય છે એવા ભક્તોને! આપણને સૌને પણ ભૂમિદાન માટે બળ મળે એવા પ્રકારનું શાસ્ત્ર આધારિત લેખન આ લેખમાં લખવાનો નમ્ર પ્રયાસ પ.ભ. શ્રી જગદીશભાઈ સી. પટેલ (ગામ ઓળા, હાલ ગાંધીનગર)ની પ્રેરણાથી કર્યો છે.

સૌ પ્રથમ તો દાન કરવામાં અંતરાયરૂપ એવા મહાબળવાન અંતઃશત્રુ લોભને ઓળખીને શ્રીહરિ કહે છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણેય અંતઃશત્રુઓ મનુષ્યોના પ્રાણનો નાશ કરનારા માનવામાં આવે છે, તો પણ તે પૈકી લોભ શત્રુ જ પરાભવ ન કરી શકાય તેવો અતિબળવાન છે. લોભ પાપનું ભવન છે. લોભનો આશ્રય કરીને બીજા અનંત દોષો રહેલા છે જે નરકને પમાડનારા છે. દાનનો અભાવ એ લોભમાંથી જ પ્રવર્તે છે. સમર્થ થઈને લોભ કરે તે મળ સમાન છે. સુમાર્ગે વાપરે નહિ એનું કુમાર્ગે જાય છે. અનંતકોટિ બ્રહ્માંડોની સમગ્ર પૃથ્વી આ ભૂમિના માલિક વાસ્તવમાં તો ભગવાન જ છે ત્યારે ભગવાને આપણને જરૂરિયાત કરતા વધારે ભૂમિ આપવાની કૃપા કરી હોય તો વધારાની ભૂમિ ભગવાનને જ દાનમાં આપી દેવી જેનાથી આપણને યશ અને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. બધી જ જમીન પુત્રને વારસામાં આપવામાં આવે અને પેઢી પરંપરામાં કોઈ કુપાત્ર પુત્ર થાય તો જમીન સહિત બધું ઉડાવી મારે તેના કરતા જેટલી ભૂમિ દાનમાં અપાણી તેટલી આપનાર જીવાત્માના ખાતામાં કાયમ માટે જમા થઈ જાય છે.

**શ્રીહરિનું છે માટે હરિને શું આપવાનું ? એવું કહે તેને કૃતઘ્ની સમજવો. હરિને કાંઈ જોઈતું નથી. પરંતુ હરિને માટે ભક્તિભાવની રીત જાણીને કાંઈજ સેવા કરતો રહે તે જ સમજણો ગણાય. સત્સંગને અર્થે બધું જ કરી રાખે તે જ સત્સંગી ની સાચી રીત છે.** જે પુરુષ ઘણું ધન ઈચ્છે તે લોભ ન કરે. **દાન વડે કરીને હાથની શોભા છે.** સંકલ્પ કર્યા પછી વહેલી તકે દાન કરી દેવું. કારણ કે દેહનો ગમે ત્યારે અંતકાળ આવી જાય અને સંકલ્પ કરીને રહી જાય તો નર્કે જવું પડે. બિન સત્સંગી પણ જો ભૂમિદાન જેવું પરોપકારનું કાર્ય કરે તો સત્સંગમાં જન્મ લઈને અંતે અક્ષરધામને પોમ છે. રાજા સિધ્ધરાજ જયસિંહે પરોપકારના અનેક કાર્યો કરેલા જે પુણ્યના યોગે કરીને સત્સંગમાં ભ્રગુજીત હાડા ગરાસીયા તરીકે જન્મ લઈને શ્રીહરિની હજુર સેવામાં રહીને તથા મૂળી મંદિરમાં ઘણી સેવા કરીને અંતે અક્ષરધામને પામેલા.

વામનજી ભગવાને બટુક બનીને બળિરાજા પાસે માત્ર ત્રણ પગલા પૃથ્વી માગી. બળિરાજાના ગુરુ શુક્રાચાર્યએ બલિરાજાને ચેતવ્યા કે આ વિષ્ણુ છે. ત્રણ પગલામાં બધુ લઈ લશે. **બલિરાજા દાનવકુળમાં જન્મ્યા હતા તો પણ વચનથી ફર્યા નહી, ગુરુનો પણ ત્યાગ**

**કર્યો અને દાન આપવા માટે સૌથી શ્રેષ્ઠ પાત્ર તો વિષ્ણુ જ છે. એમ વિચારી વામનજીના ત્રણ પગલામાં પોતાનું સર્વસ્વ આપી દીધું.** પરંતુ બદલામાં ભગવાનને સદાયને માટે વશ કરી લીધા અને પાતાળ લોકમાં પોતાના દરવાજે ભગવાન કાયમ રહીને દર્શન આપે એવો વર માગી લીધો. અમદાવાદમાં મંદિર માટે દુર્લભ તથા એરન (ડનલોપ અને સર એન્ડ્રુજ) એમ બે અંગ્રેજ અમલદારોએ વિલાયતથી મંજૂરી મેળવીને શ્રીહરિને મંદિર માટે કાયમી ધોરણે જમીનનો દસ્તાવેજ કરીને ભૂમિદાન કરેલું. **પોતે ખ્રિસ્તી ધર્મના અનુયાયી હતા છતાં આપણા સંપ્રદાયથી પ્રભાવિત થઈને શ્રીહરિને સામે ચાલીને ભૂમિદાન કર્યું ને વિશ્વનું સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં બન્યુ. મંદિરોનું મૂળ અમદાવાદ સાર્થક થયું.** મૂળીમાં શ્રીહરિ રામાભાઈ રાજાને કહે, આ લોકમાં ત્રણ દાન ઉત્તમ છે. (૧) ગાય (૨) **પૃથ્વી** અને (૩) સરસ્વતી-વિદ્યા, માંગરોળમાં અમારે મંદિર હતું. માટે શ્રીકૃષ્ણ પ્રભુનુ મંદિર આંહી કરવું છે કેમ કે આ કૃષ્ણ પ્રભુનું જૂનુ સ્થાન છે. રામાભાઈ રાજા રાજી થઈને બોલ્યા, ''હે મહારાજ ! **આપ જેટલી કહો તેટલી પૃથ્વી આપું.** આજે ઉત્તરાયન અને વળી આપ પ્રભુ, ઉત્તમ સમય અને ઉત્તમ પાત્ર મને મળ્યા છે.'' ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણે મળવા મુશ્કેલ, ચિત્ત એટલે દાન-પુણ્યનો સંકલ્પ થવો એ કઠણ છે. માટે હે મહારાજ ! આ અલર્ક વાવ ઉપર જ ભૂમિદાન સંકલ્પ આપ જે જગ્યા-પૃથ્વી પ્રસન્ન કરો, તેનું ભરત કરીન લેખ જ કરી આપું, ત્યાર પછી જ જમવું. કેટલો બળવાન સંકલ્પ ! શ્રીજી કહે, લાવો જળ, કરો સંકલ્પ. ત્યારે ઘેલા જોશીએ વાવમાંથી જળ ભરી લાવીને રાજાને સંકલ્પ કરાવ્યો અને **'જમીનનું મૂળ મૂળી સાર્થક થયું.'** તેવી જ રીતે ભુજ, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જુનાગઢ અને ગઢડામાં મંદિર, નિર્માણ કરવા માટે ગંગારામ, સુંદરજીભાઈ, નારાયણ ગર, જોબનપગી, પાટીદારો, ગંગામાં, પૂજાજી રાજા, રેવા શંકર, મહાશંકર, મુળજી, દાદાભાઈ, હેમંતસિંહ રાજા અને દાદા ખાચર આદિક ભક્તજનોએ શ્રીહરિને પ્રાર્થના કરીને જમીન અને રૂપામુદ્રા આદિકનું દાન કરેલું. છપૈયામાં ધર્મદેવના ઘરના સંકુલમાં જ આપણું મંદિર છે. જેમની પાસે જમીન અધિક છે. ધનાઢ્ય છે તેઓ માટે પ્રેરણારૂપ આ ભક્તજનોના નામ લખ્યા છે. દાદા ખાચરે તો શ્રીહરિને સર્વસ્વ અર્પણ કરી દીધેલું. લક્ષ્મીવાડીનું નામ જીવુબા જેઓને લક્ષ્મીજીના અવતારૂપ માનવામાં આવે છે. તેના પરથી પડ્યું છે. રાધાવાવ, ભક્તિબાગ વગેરે ઘણી જમીન શ્રીહરિને અર્પણ થયેલી છે. જેતલપુરનો બ્રહ્મમહોલ બાદશાહના સાળાએ ફક્ત એક રૂપિયો લઈને મંદિરને આપ્યો છે. **જેતલપુરની વાડી ત્યાંના પાટીદારોએ શ્રીહરિને અર્પણ કરેલી ત્યારે શ્રીહરિએ કહેલું કે, ''અમને પ્રથમ જમીનદાર બનાવ્યા.''**

આ ઐતિહાસિક મંદિરો બન્યા પછી પણ યશસ્વી દાતાઓના દાનથી મૂળ સંપ્રદાયના હજારો મંદિરો બન્યા છે. ઘણા બધા મંદિરો પાસે દેવની માલિકીના વાડી, ખેતર, ફૂલવાડી, બગીચા તથા ગૌશાળા તેમજ ધર્મશાળા છે જેનાથી ઠાકોરજી માટે થાળ, ફૂલના હાર તથા દૂધ આદિકની સેવા તથા યાત્રિક સંતો-ભક્તો માટે ઉતારાની સેવા અને પ્રસાદની સેવા થઈ રહી છે. આપણે પણ આ પરંપરા ચાલુ રાખીએ જેથી જેને કલ્યાણનો ખપ હોય તેવા કોઈપણ મનુષ્ય પ્રગટ ભગવાનના સુખથી વંચિત ન રહી જાય. શ્રીહરિના ગૂઢ સંકલ્પ મુજબ ઉપાસનાની શુદ્ધિ માટે અને ચતુર્વિધ પુરુષાર્થની પુષ્ટિ માટે મંદિરોમાં સ્થાપિત મૂર્તિઓનું સેવન અનિવાર્ય છે. **સત્સંગનું મૂળ દ્રઢ સ્થાપન કરવા માટે જ શ્રીહરિએ દેશોદેશમાં મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો.** અને તેથી જ સ્વયં શ્રીહરિએ નવ-નવ મહામંદિરોનું નિર્માણ કરાવીને સ્વસ્વરૂપની મૂર્તિઓ પધરાવી છે.

ઉત્તમ પવિત્ર દેશ તથા ઉત્તમ કાળનું તેમજ સત્પાત્રનું સ.જી.પ્ર.-૫, અ.-૧૦ માં વિસ્તૃત વર્ણન કરેલું છે તે પ્રમાણે દાન કરીએ તો અનંતગણા પુણ્યની પ્રાપ્તિ થાય પરંતુ આપણે તો એક જ લક્ષ રાખવું કે જે કંઈ કરીએ તેનાથી શ્રીહરિ આપણા ઉપર વિશેષને વિશેષ રાજી થતા રહે એ ન્યાયે શ્રીહરિએ સ્થાપન કરેલ શ્રી નરનારાયણદેવ ની પાકી પહોંચ મળે તે રીતે જ ભૂમિદાન આદિ સર્વદાન કરવું. પોતાની કીર્તિ વધારવા માટે કે ભયથી કે લોભથી દાન ન કરવું. પરંતુ માત્ર શ્રીહરિ પ્રત્યેની સ્નેહરૂપી ભક્તિથી ધર્મને માટે દાન કરવું. **પોતપોતાના દેશના ધર્મવંશી આચાર્યશ્રીને દસ્તાવેજ સાથેની ભૂમિ સોંપવી. કારણ કે આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પણ દેશ વિભાગનો લેખ કરીને મંદિરોની વેંચણ કરીને બન્ને દેશના આચાર્યશ્રીને સોંપણી કરી છે. ગાદી પરના**

**ધર્મવંશી આચાર્યશ્રી એ દેવના પ્રતિનિધિ છે.** દેવની મરજી જાણીને તેઓશ્રી ભૂમિનો જે પ્રમાણે ઉપયોગ કરવો હોય એ પ્રમાણે ઉપયોગ કરશે. **સંપ્રદાયના કોઈપણ ત્યાગીને કે વિમુખપંથીઓને ક્યારેય પણ ભૂમિદાન ન કરવું કારણ કે તેવી રીત સંપ્રદાયના બંધારણથી વિરુદ્ધ છે.** ભગવાનને જેવા બ્રાહ્મણો પ્રિય છે તેવું તો ભગવાનને પોતાનું શરીર, અન્ય દેવો અને દેવી લક્ષ્મીજી પણ પ્રિય નથી. **ધર્મવંશી આચાર્યશ્રી સદાચારી બ્રાહ્મણ છે, ત્યાગી-ગૃહી તમામ ભક્તજનોના ગુરુ સ્થાને છે. પ્રગટ ભગવાનના મોટા ભક્ત છે. શ્રીહરિ સાથે લોહીનો સંબંધ ધરાવે છે. ધર્મદેવના કુળમાં ધર્મવંશી છે. અને શ્રીહરિનું અપર સ્વરૂપ છે. માટે ભૂમિદાન જેવા મહત્વના નિર્ણયમાં તેઓશ્રીને સાથે રાખી કાર્ય કરવું.** વિમુખ પંથીઓને કોઈ ભૂમિદાન કરે તો તેનાથી વિમુખ પરંપરાની સંસ્થાઓમાં વધારો થાય, તેનાથી લાખો લોકો ભગવાનથી વેળગા રહીને વ્યક્તિપૂજામાં જોડાઈને ભવાટવીમાં ભટકે તેના પાપનો વિચાર કરવો. માટે જ કીર્તનમાં દેવાનંદ સ્વામીએ કહ્યું છે કે, **વિવેકી નરને, એમ વિચારીને જોવું, કુપાતરને દાન દેવું તે, બીજ ખારમાં બોવુ રે..... વિવેકી** કુપાત્રને દાન દેવું તે તો ખારી જમીનમાં બીજ વાવવા જેવું છે. માટે વિવેકી નરે સુપાત્રને દાન દેવું.

ભૂમિદાનની આપણી વધારે શક્તિ ન હોય તો પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી જે સમયે જે નિર્માણ કાર્ય ચાલતું હોય તેમાં ફૂટના ધોરણે નિયત થયેલી રકમ પણ આપણે ભૂમિદાનમાં અર્પણ કરીને જે તે સતકાર્યમાં સહભાગી થઈ શકીએ છીએ. મનુષ્યોના કલ્યાણ માટે સતયુગમાં તપ, ત્રેતાયુગમાં યજ્ઞો, દ્વાપરયુગમાં વિધિપૂર્વક ભગવાનનું પૂજન કહેલુ છે તે પ્રકારે જ કલિયુગમાં મનુષ્યોના હિત માટે દાન કહેલું છે. જે નરો દાન, તપ અને સત્ય વડે સદાચારનું અનુવર્તન કરે છે તે જનો સ્વર્ગ ગામી માનેલા છે. સ.જી.પ્ર. ૫, અ.૧૧ માં કહ્યું છે કે, **આ લોકમાં ભૂમિદાન પણ મહાદાન કહેવાય છે. મનુષ્ય ભૂમિદાનથી સર્વ મનોરથોને પામે છે.** જે પુરુષ પાકેલા ધાન્યથી પરિપૂર્ણ ગોચર્મ માત્ર જેટલી પૃથ્વી સદાચારી બ્રાહ્મણોને દાનમાં આપે છે તે પુરુષ અંતે અપરિમિત ફળ પામે છે. એક સાંઢ અને સો ગાયો જેટલી પૃથ્વીમાં બેસી શકે તે ભૂમિ પરિમાણથી ગોચર્મ માત્ર કહેવાય છે. **ભૂમિદાતા પુરુષ સમગ્ર પાતક રહિત થાય અને તત્કાળ જ નિશ્ચય અશ્વમેઘ યજ્ઞથી પણ અધિક પુણ્યને પામે છે. અતિ બુદ્ધિશાળી પુરુષ પૃથ્વીને દાનમાં આપતો થકો સુવર્ણ રજત વસ્ત્ર, મણી, મોતી અને રત્ન આ બધું જ આપે છે. અર્થાત્ આ બધાના ફળને પામે છે. જે પુરુષ આ લોકમાં ભૂમિદાન કરે છે તે પાંચ પૂર્વજ પુરુષો, પોતે અને પાંચ પછીની પેઢીના પુરુષો એમ બધા મળીને અગિયાર પુરુષોનો ઉધ્ધાર કરે છે. જે પુરુષ આ લોકમાં ભગવાનને ઉદ્દેશીને ભૂમિદાન કે પૂર્તકર્મ ભક્તિથી કરે છે તે અંતરહિત ફળને પામે છે.**

આપણે ભૂમિ દેશ વિભાગ પ્રમાણે શ્રી નરનારાયણદેવને કે લક્ષ્મીનારાયણદેવને આપીએ એટલે એ ભૂમિની માલિકી ભગવાનની હોવાથી વળી જમીન સ્થાવરમાં આવતી હોવાથી તેનો નાશ અનંતકાળ સુધી થવાનો નથી તેથી ભૂમિદાતાને પણ તેનું પુણ્ય અનંતકાળ સુધી મળતું રહે છે. સુપાત્ર વિપ્રોને આપેલું દાન પણ જો તત્ક્ષણ હજારગણા અધિક ફળને આપતુ હોય તો સ્વયં ભગવાનને આપેલા ભૂમિદાનના ફળનું વર્ણન કોણ કરી શકે! **માટે ધનવાન ગૃહસ્થોએ તો ખાસ ભૂમિદાન માટે ખટકો રાખવો.** જમીન પણ ન્યાય અને નીતિથી સંપાદન કરેલી હોવી જોઈએ. અન્યાયથી પ્રાપ્ત કરેલી ભૂમિનું દાન કરીએ તો પછી ભૂમિદાનનું હીન ફળ મળે છે. શ્રધ્ધા વિના અન્યાયથી મેળવેલી સમગ્ર પૃથ્વીનું દાન કોઈ કુપાત્રને કરવામાં આવે તો પણ તે દાતાની કાંઈ ઉન્નતિ થતી નથી.

**ધર્મ કર્યે ધન ઘટે નહિ, જેમ નદી કેરા નીર,**
**વાપરે તેમ શુધ્ધ રહે, અને વધે ભરપુર.**

સત્યપાત્રને વિષે દાન થોડું આપે તો પણ ઘણું થાય છે. સુપાત્રને દાન આપવાથી દાતા ધનાઢ્ય થાય છે. ધનથી ફરી પુણ્ય કરે એટલે ફરી અધિક ધન વૈભવને પામે છે. દાતા સત્સંગી ન હોય તો દેવલોકને પામે છે. અને સત્સંગી હોય તો ભગવાનના ધામને પામે છે. કુપાત્રને દાન દેવાથી દાતા દરિદ્ર થાય છે. માટે ભગવાનથી મોટા કોઈ સુપાત્ર ન ગણાય તેથી સુપાત્ર શોધવા જવા તેના કરતા આંખો મીંચીને ભગવાનને જ ભૂમિદાન કરીએ એજ સર્વોત્તમ છે.

**મૂળી "ઉત્સવ"નો માર્ચ-એપ્રિલનો અંક વિશેષાંક રૂપે પ્રકાશિત થશે**

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો સભ્યોને જણાવવાનું જે આવતા માર્ચ-એપ્રિલ-૨૦૨૩ નો અંક મૂળી 'ઉત્સવ'નો વિશેષાંક રૂપે એપ્રિલ માસમાં પ્રકાશિત થશે જેની ખાસ નોંધ લેવી.

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# નારદીપુર





- સંકલન : પ્રફુલ ખરસાણી

● અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક ૧૫ મિનિટ

● અમદાવાદ એરપોર્ટ થી ૪૭ મિનિટ

અહીં હરિ મંદિર છે. મંદિર પૂર્વદ્વારનું છે.ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ગામમાં પોતાના મુનિ મંડળ તથા પાર્ષદો સહિત વારંવાર પધારી આ ગામની ભૂમિને પોતાના પુનિત ચરણો વડે અત્યંત પુનિત કરેલી છે. શ્રીહરિ દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા પલીયડ ગામેથી નારદીપુર પધારેલા. શ્રીહરિ પોતાના ગામમાં પધાર્યા છે એ સાંભળી નારદીપુરમાં રહેલા નાચિકેત બ્રાહ્મણ શ્રીહરિનું પૂજન કરવા સામા ગયા અને શ્રીહરિનું અક્ષત, ચંદન આદિ ઉપચારો વડે પૂજન કરી પોતાના ઘેર પધરામણી કરાવી. ત્યારબાદ શ્રીહરિ સંતો સહિત નાચિકેતભાઈના ઘેરથી ગુલાબચંદ અને સુખચંદ નામના ભક્તોના ઘેર પધાર્યા. આવા પ્રભાવશાળી ગામમાં શ્રીહરિએ સતત પાંચ દિવસ સુધી હજારો બ્રાહ્મણોને જમાડી તેમને ખૂબ ખૂબ દક્ષિણાઓ આપી ને રાજી કરી શ્રીહરિ ત્યાંથી પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરી લાંઘણજ ગામે પધાર્યા.

**નારદીપુરના તીતારામ ભક્તની દૃઢતા :-**

નારદીપુરમાં શ્રીહરિનું ભજન કરતા તીતારામ નામના વિપ્ર ભક્ત રહેતા હતા. આ ગામમાં તીતારામ એ એકજ શ્રીહરિના એકાન્તિક ભક્ત હતા, અને અન્ય લોકો શ્રીહરિથી વિમુખ હતા. આ ગામમાં રહેતા મુખ્યત્વે લોકો વિષયમાં પ્રીતિવાળા, સત્સંગીઓનો દ્વેષ કરનારા, તેમજ પાપકર્મ કરનારા હોવાથી તેઓ સર્વે તે તીતારામ ભક્તની મશ્કરી કરતા હતા. તેઓ કહેતા હતા કે, અમોએ ક્યારેય પણ આવો અત્યંત મહાન ભક્ત જોયો નથી. અહો ! આ તીતારામ સદા પારકી સ્ત્રી તેમજ પારકા દ્રવ્યનો ત્યાગ કરે છે. આ ભક્ત હંમેશાં સ્વામિનારાયણ નામના મહામંત્રનો ઉચ્ચાર કરે છે. હંમેશાં શ્રીહરિની ભક્તિ કરે છે. તેથી તેના મૃત્યું સમયે તેને લેવા માટે પોતે ભગવાન સ્વામિનારાયણ જરૂર આવશે. તે સમયે આપણને પણ ભગવાનનાં દર્શન થશે. દિવ્ય વિમાનો પણ આપણે જોઈશું. તે સમયે વિમાનનો દંડ પકડીને અમે પણ એ ભક્ત સાથે પરમ દિવ્ય ધામમાં જરૂર જઈશું. પછી તે ભક્તના શરીરનો અંતકાળ થયો ત્યારે શ્રીહરિ સૂર્યસમાન તેજસ્વી દિવ્ય વિમાનમાં બેસી અન્ય તેજવાળા દિવ્ય વિમાનોમાં બેઠેલા બ્રહ્માનંદસ્વામી આદિક સંતો સાથે તે ભક્તને લેવા માટે પધાર્યા. તે સમયે દિવ્ય વિમાનોના મહાપ્રકાશથી તત્કાળ તે સમગ્ર ગામ ઢંકાઈ ગયું. ત્યારે ત્યાં રહેલા સર્વેજનો તો આ અત્યંત મહા તેજ જોઈ હેબતાઈ ગયા હેં આ શું ? આ ક્યાંથી ? અને બોલવા લાગ્યા કે આ ભક્તનો દ્રોહ કરનારા આપણે દુષ્ટતા પૂર્વક આ તીતારામનો ઉપહાસ કરતા હતા. તે સમયે તે લોકોને ભક્ત તીતારામ કહેવા લાગ્યા કે, તમે પહેલાં તમારી દુષ્ટ પ્રકૃતિથી મારી વારંવાર મશ્કરી કરતા હતા, અને બોલતા હતા કે, સ્વામિનારાયણ જ્યારે આ ભક્તને દિવ્ય વિમાન લઈ લેવા આવશે ત્યારે આપણે વિમાનનો દંડ પકડીને તેના ધામમાં જઈશું તો ક્ષમા કરીને પણ હું તમોને શ્રીહરિના અક્ષરધામમાં આ શ્રીહરિના પ્રતાપથી આ દિવ્ય વિમાનોમાં બેસાડીને જરૂર લઈ જઈશ. તેથી આ શ્રીહરિના અક્ષરધામમાં આવવાની જો તમારી ઈચ્છા હોય તો તમો સર્વ આ વિમાનોમાં બેસો. વાર લગાડશો નહીં. આ પ્રમાણે તીતારામે તેમને કહ્યું પરંતુ મૃત્યુના ભયથી દુઃખ પામતા તે જનો તો ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, હે તીતારામ ભક્ત ! તમો સાચા ભક્તવર્ય છો માટે અમારો અપરાધ ક્ષમા કરો. શ્રી સ્વામિનારાયણ ભગવાન

(અનુ. પેજ નં. ૧૫ ઉપર)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-જાન્યુઆરી-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૨૯-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી તેજશ્રી, રાજશ્રી, મૌલિકકુમાર ભાવસાર (મહેસાણા) |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-જાન્યુઆરી-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી ધનસુખ ખીમજી ભુડીયા (ફોટડી-કચ્છ) તથા દિનેશ કાંતિ હાલાઈ (કેરા-કચ્છ) |
| તા. ૧૪-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી ઉષા મનસુખ માવજી વેકરીયા (સુરજપુર-કચ્છ) - હ. પૂર્વિ મનસુખ વેકરીયા (હા. યુ.કે.) |
| તા. ૧૮-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી જીતેસ માવજી રાઘવાણી (બળદીયા-કચ્છ) તથા દિપીકા કરશન કેરાઈ (લંડન) |
| તા. ૨૦-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી પરેશભાઈ (પ્રેમ સખી) રમણભાઈ પટેલ (કુંડાળવાળા). |
| તા. ૨૧-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી પારૂલબેન નિલેશભાઈ પટેલ (યુ.એસ.એ.) |
| તા. ૨૨-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી રેણુકાંબેન નવીનચંદ્ર રાવળ તથા નિવુબેન ખારીવાલા તથા કાશ્મીરાબેન ત્રિવેદી (યુ.એસ.એ.) |
| તા. ૨૭-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી દિક્ષીત હરિકૃષ્ણભાઈ પટેલ (યુ.એસ.એ.) |
| તા. ૩૧-૦૧-૨૦૨૩ | પ.ભ.શ્રી કેનીલ રાકેશભાઈ પટેલ (ઓસ્ટ્રેલીયા) |

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# બારમો વાર્ષિકોત્સવ

**ફાગણ સુદ - ૩ તા. ૨૨-૨-૨૦૨૩ બુધવાર**

**કાર્યક્રમ**

સમૂહ મહાપૂજા :- બપોરે ૩-૦૦ થી ૫-૩૦

સત્સંગ સભા અને આશીર્વચન :- સાંજે ૫-૩૦ થી ૬-૩૦

ભોજન પ્રસાદ :- સાંજે ૬-૩૦

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**ધનુર્માસ પારાયણ પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**
**"ભગવાન મનુષ્યચરિત્ર કેમ કરે છે ?"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ભગવાનના લીલાચરિત્રોનું શ્રવણ બધાએ કર્યું ને ? **તો ક્યારેય એવો વિચાર આવે છે કે ભગવાન આવા મનુષ્ય ચરિત્ર કેમ કરે છે ?** તો જે ભક્તો ભગવાનને પૂર્ણ સમર્પિત હોય છે ને તેના મનોરથ પૂર્ણ કરવા માટે ભગવાન મનુષ્ય જન્મ લે છે અને આવા મનુષ્ય ચરિત્ર કરે છે. તો ઘણા લોકોને એમ થાય છે કે ભગવાન ઐશ્વર્ય બતાવીને પણ ચરિત્ર કરી શકે. પણ ભગવાન જો ઐશ્વર્ય બતાવીને ચરિત્ર કરે ને ત્યારે જે ભગવાનના સાચા ભક્ત હોય છેને તેને વાંધો આવતો નથી. પરંતુ ભગવાનના જે કાચા-પોચા ભક્ત હોય છે ને એ ભગવાનનો દોષ લઈ લે છે. ગ.પ્ર.પ્ર. ના ૭૨ માં વચનામૃતમાં આવે છે કે શુકજીએ જ્યારે રાસપંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો પછી એમ પૂછ્યું જે 'ભગવાન તો ધર્મની મર્યાદા સ્થાપન કરવાને અર્થે પ્રકટ થયા હતા. તેણે પરસ્ત્રીનો સંગ કરીને ધર્મનો ભંગ કેમ કર્યો ? એવી રીતે દોષ લીધો અને શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું. જે કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા તેનો કામદેવને અતિશે ગર્વ થયો. જે ગર્વને ઉતારવાને કાજે ભગવાને કામદેવને પડકાર્યો. તે જેમ કોઈ બળવાન રાજા હોય તે શત્રુને પોતાની ગાંઠની દારૂગોળો અપાવીને પછી તે સાથે લડવા જાય તેમ ભગવાને કામદેવરૂપી શત્રુને લડવાનો સામાન મોરથી આપ્યો. તે શું તો કામદેવનું બળ જ્યારે સ્ત્રીનો સંબંધ હોય ત્યારે થાય તેમાં પણ શરદઋતુને વિષે રાત્રિમાં કામદેવનું વધુ બળ થાય, તથા સ્ત્રીના રાગરંગવિલાસના શબ્દ સાંભળવા તથા સ્ત્રીનું રૂપ જોવું, સ્ત્રીનો સ્પર્શ કરવો તેણે કરીને કામદેવનું અતિશે બળ વધે છે. એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો અને અખંડ બ્રહ્મચારીની પેઠે ઉર્ધ્વરેતા રહ્યા. અને એવી રીતે કામનો ગર્વ ઉતાર્યો. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન વિના બીજામાં હોય નહિ, એવું અતિ ભગવાનનું સામર્થ્ય જાણીને શુકજીએ ભગવાનના ચરિત્રગાન કર્યા અને રાજા પરીક્ષિતને એ વાત સમજાણી નહિ ત્યારે દોષ પરઠ્યો.

તો અંહિયા આ વચનામૃતમાં જે વાત આવી કે જે બળવાન રાજા હોય તે શત્રુને પોતાની ગાંઠનો દારૂગોળો અપાવીને પછી તે સાથે લડવા જાય. અર્થાત્ પહેલાના સમયમાં યુધ્ધ થતું ને તો યુધ્ધનો એવો નિયમ હતો કે તમે કોઈની પણ સાથે યુધ્ધ કરો તો સામેના વ્યક્તિ પાસે અસ્ત્ર-શસ્ત્ર સેના એ બધું ઓછું હોય તો જેના પાસે વધારે હોય એ સામેવાળાને આપે પછી જ યુદ્ધ કરે, તો એ સાચું ઈમાનદારીવાળું યુધ્ધ કહેવાય. તો એ ખરેખર યુધ્ધમાં ન્યાય કહેવાય નહિ. તો જે વધારે બળવાળા શક્તિશાળી હોય એ જીતી જાય એ સ્વાભાવિક છે. માટે અહિંયા **'ભગવાને એવું કર્યું કે 'શરદઋતુ' પસંદ કરી, 'રાસોત્સવ' રમ્યા. અર્થાત્ કામદેવને વધારે બળ આપ્યું અને એ કામનું જોર જ્યારે વધારે હોય ત્યારે બ્રહ્મચારીની જેમ કામને પરાજિત કરી પોતે ઉર્ધ્વરેતા બન્યા.'** અને કામદેવ પર વિજય મેળવ્યો. અને એ વાત રાજા પરિક્ષિતને સમજાઈ નહિ માટે દોષ દેખાયો. તો ભગવાનના જે સાચા ભક્ત હોય એ વિચારે કે ભગવાનના આ ચરિત્રમાં ગૂઢ રહસ્ય શું છે ? અને પરમપદને પામે છે. અને જે દોષ લે છે એ પતન તરફ જાય છે. અને જો **ભગવાન સંપૂર્ણ ઐશ્વર્ય લઈને આવેને તો પણ આપણે સહન ના કરી શકીએ. કેમ કે ? જેના એક એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ અણુંની પેઠે ઉડતા ફરે છે તો એનું તેજ આપણાથી સહન થાય ?** આપણે ઘરમાં પ્રકાશ જોઈતો હોય તો દીવો જ પ્રગટાવવો પડે ત્યાં વડવાનળ અગ્નિ કામ ના લાગે, બધું ભસ્મ થઈ જાય. વરતાલના ત્રીજા વચનામૃતમાં આવે છે કે વડવાનળ અગ્નિ સમુદ્રના જળમાં રહે છે. પણ સમુદ્રના જળનો ઓલાયો ઓલાતો નથી. તો જેને સમુદ્ર પણ ઓલવી ના શકે તો જેમ ઘરમાં પ્રકાશ જોઈતો હોય તો દીવો જ પ્રગટાવવો પડે વડવાનળ અગ્નિ નહિ. **એમ ભગવાનને પણ જે પૂર્ણ સમર્પિત ભક્ત હોય એને સુખ આપવું હોય તો મનુષ્ય જન્મ લેવો પડે અને મનુષ્ય ચરિત્ર કરવા પડે તો ભક્ત એમની નજીક જઈ શકે. સામર્થીને સહન કરી શકે માટે મનુષ્ય લીલા કરે છે. માટે એમા આપણને 'અભાવ' ના આવવો જોઈએ.** એને ભગવાને જે લીલા કરી હોય છે ને એને યાદ રાખવું સહેલું છે. સંસ્મરણ સહેલાઈથી રહી જાય છે તો એવું નક્કી કરવાનું કે ભગવાનની રોજ એક લીલા વાંચવી અથવા સાંભળવી. મોબાઈલમાં સાંભળો કે શાસ્ત્રમાં વાંચો જે તમને અનુકૂળ હોય એ પણ એ લીલા વાંચ્યા

પછી અથવા સાંભળતી વખતે એવો અનુભવ કરવાનો કે એ લીલા તમારા સામે થઈ રહી છે. એવી કલ્પના કરવાનો પ્રયત્ન કરવાનો તો તમને જલ્દી યાદ રહી જશે. દા.ત. જો યાદ રાખવું હોય તો આપણે અહિંયા કોઈપણ વ્યક્તિને નામથી ઓળખતા હોય ઓળખાણ માટે નામ હોય છે. પણ એ વ્યક્તિએ એવું કાંઈક કામ કર્યું હોય તો તેના જેવુ જ બીજું કોઈ કાંઈક કામ થતા જોઈએ તો તરત એ વ્યક્તિ યાદ આવે છે. કાયમ માટે આપણને યાદ રહી જાય છે. જેમ કે હમણા જ આપણે અંહિયા કથામાં 'ઘી'ની લીલા સાંભળી ને ? તો રોજ તમે રસોઈ કરો છો ને ? તો જ્યારે જ્યારે જ્યારે તમે 'ઘી' નો ઉપયોગ કરશો એટલે ભગવાનની એ લીલા યાદ આવશે જ ! તો આવી રીતે સ્હેજે સ્મરણ થઈ જ જાય છે. અને આપણે તો લોટરી લાગી ગઈ છે. જો કોઈને પણ પૈસા કમાવા હોય તો કેટલો બધો પરિશ્રમ કરવો પડે. ઘરથી દૂર રહેવું પડે. કેટલી બધી મહેનત કરવી પડે છે. અને જો લોટરી લાગે તો !!! ઘેર બેઠા બેઠા પૈસા મળી જાય છે. કાંઈ કરવું પડતું નથી. તો આપણને જે વારસાગત મળે ને એમાં પણ આપણે કાંઈ મહેનત કરવી પડતી નથી. તો આપણને જેમ મિલકત વારસામાં મળે છે ને એવી રીતે પેઢી દર પેઢી એમ આ સત્સંગ વારસામાં મળ્યો છે. **આપણા વડવાઓએ સંસ્કાર ઘરમાં લાવ્યા એટલે બધું મળ્યું. તો જેમ પૈસાને સાચવીએ છીએ, કમાવા માટે મહેનત કરીએ છીએ એવી જ રીતે વારસામાં મળેલો 'સત્સંગ' પણ સાચવવો પડે.** સોનાની વીંટી હોય તો પણ આપણે એને સાચવીએ છીએ ને ? તો આપણને જે આ સત્સંગરૂપી ભેટ મળી છે ને તે અમૂલ્ય છે. **તો આપણે જ્યારે સત્સંગમાં મજબૂત હોઈશું ત્યારે જ આ સત્સંગરૂપી મૂડીને સાચવી શકીશું.** અને આપણી પાસે આ જે સત્સંગરૂપી મૂડી છે ને તે બધાની પાસે નથી. આપણે જગતથી એક પગથિયા ઉપર છીએ. કેમ કે આ સંસારના દરેક માણસ પાસે સુખ અને દુઃખ એ વસ્તુની સમાનતા છે. બધાને કાંઈક ને કાંઈક દુઃખ તકલીફ છે જ. મને તમને બધાને, કોઈને વધારે કોઈને ઓછું પણ કાંઈક તકલીફ કાંઈક પ્રશ્નો તો છે જ. જેને આ જગતમાં કોઈ દુઃખ કે તકલીફ ના હોય એવું કોઈ છે જ નહિ. તો કહેવાનો અર્થ છે કે **'સુખ' અને 'દુઃખ' આ જગતમાં બધાની પાસે છે. એમા 'સમાનતા' છે. પણ એક વસ્તુમાં સમાનતા નથી. એક એવી વસ્તુ છે જે માત્ર આપણી પાસે જ છે. બીજા પાસે નથી. 'આપણા (દરેક શરણાગત સત્સંગી) પાસે નરનારાયણદેવ છે.' આપણને આ ભરતખંડના રાજા અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ મળ્યા છે. જે બીજા પાસે નથી. એટલે આપણે આ જગતના માણસ કરતા એક પગથિયા ઉપર છીએ.** પણ એ વાતનો ઘમંડ કે અહંકાર નહી રાખવાનો. પણ એનો કેફ આપણને હોવો જોઈએ. બસ તો રોજ એક લીલા ચરિત્ર વાંચવાનું કે સાંભળવાનું નિયમ રાખો, વાંચો અનુભવ કરો અને રાજી રહો અને બીજાને રાજી રાખો.

(અનુ. પેજ નં. ૧૨ નું ચાલુ)

પોતાના પાર્ષદો સહિત અંતકાળે તમોને લઈ જવા માટે પધાર્યા છે, તે સ્વયં પોતે પ્રત્યક્ષ ભગવાન છે. માટે હે ભક્તરાજ ! સ્ત્રી, પુત્ર, ભાઈઓ અને દ્રવ્યાદિકમાં અત્યંત આસક્ત મનવાળા અમો તે બધાનો ત્યાગ કરવા માટે શક્તિમાન નથી. તેથી આ સમર્થ સ્વામિનારાયણ શ્રીહરિનો આશ્રય કરીને અહીંજ, ધર્મમાં રહી અમો નિરંતર તેમનું ભજન કરીશું. આ પ્રમાણે તેમનાં વચન સાંભળી શ્રીહરિ, પોતાના ભક્ત તીતારામને વિષયાસક્તિનો ત્યાગ કરવો કઠણ છે એમ કહી, મનોહર મંદ હાસ્ય કર્યું. પછી તીતારામ ભક્તને પ્રસન્ન થઈ શ્રીહરિએ સૂર્યસમાન પ્રકાશમાન દિવ્ય વિમાનમાં બેસાડ્યા. ભક્તવત્સલ શ્રીહરિ પોતાના તે ભક્તને, તપસ્વીઓને પણ દુર્લભ એવા પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. તે શ્રીહરિનું આ પ્રકારે આશ્ચર્યજનક દિવ્ય ઐશ્વર્ય જોઈ ત્યાંના ઘણા લોકોએ શ્રીહરિનો આશ્રય કર્યો.

શ્રીજી મહારાજે સં. ૧૮૬૪માં જેતલપુરમાં સાત દિવસનો મહારુદ્ર યાગ કર્યો ત્યારે શ્રીહરિની આજ્ઞા મુજબ ગોવિંદ સ્વામીએ ગામ નારદીપુરના નાચિકેત (નાનાભાઈ) બ્રાહ્મણને યજમાન બનાવ્યા હતા.

નારદીપુરના ભક્તજનોના નામ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ "ભક્તચિંતામણી" ગ્રંથના પ્રકરણ ૧૧૯માં નીચે પ્રમાણે ગૂંથ્યા છે.

**દ્વિજ ગુલાબચંદ, સુખચંદ, વલ્લભદાસ જીવરામ વૃંદ ॥૭૨॥**
**હરિજન હરિ કુંવર્ય બાઇ, એહ જન નારદિપુરમાં માંઇ ॥**

આમ ભક્તોને શ્રીહરિએ નારદીપુર ગામમાં પધારી સુખીયા કર્યા છે અને પોતાના ચરણકમળ વડે તે ગામની ભૂમિને દૈદીપ્યમાન કરી ઘણા ભક્તોને પોતાના અક્ષરધામનું અવર્ણનીય સુખ આપ્યું છે. આમ આ ગામનૂ ભૂમિ ઘણીજ પ્રભાવશાળી અને પ્રસંશનીય છે.

# સત્સંગ સમાચાર

### કુબડથલ ગામે શાકોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી તા. ૨૯-૧-૨૩ ના રવિવારના દિવસે કુબડથલ ગામને આંગણે દિવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. જેતલપુર, નારણપુરા, મહેસાણા, મુળી, કોટેશ્વર, ભાત આદિક ધામોધામથી સંતોએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ દિવ્ય શાકોત્સવના યજમાન પદે પ.ભ.શ્રી કેનોપ ભુપેન્દ્રભાઈ પ્રભુદાસભાઈ પટેલ પરિવારે અલભ્ય દિવ્ય લાભ લીધો હતો. ગામના અને આસપાસના ગામના ભક્તો શાકોત્સવમાં જોડાયા હતા. (શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

### ઉવારસદ ગામે પાટોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૧૭-૧-૨૩ થી ૨૧-૧-૨૩ સુધી ઉવારસદ ગામને આંગણે બાઈઓના મંદિરનો ૧૨૪ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો ૧૧ મો પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા. સ્વામી ધર્મનંદનદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતુ. તા. ૨૭-૧-૨૩ ના રોજ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

૧૧ માં પાટોત્સવના યજમાન પ.ભ.શ્રી ચંદ્રકાંતભાઈ રતિભાઈ પટેલ, ૧૦ માં પાટોત્સવના યજમાન પ.ભ.શ્રી અલ્પેશભાઈ કચરાભાઈ પટેલ, ૯ માં પાટોત્સવના યજમાનપદે પ.ભ.શ્રી ઘનશ્યામભાઈ કનુભાઈ પટેલ તેમજ બીજા અનેક નાના-મોટા યજમાનોના સાથ-સહકારથી ભવ્ય ઉત્સવ ઉજવાયો. જેમાં ધામો ધામથી સંતોએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

### દહેગામમાં ભવ્ય શાકોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૩૧-૧૨-૨૨ ના શનિવારે દેહગામને આંગણે ખૂબજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. દહેગામના યુવાનોના સુંદર પ્રયત્ન અને તમામ હરિભક્તોના સાથ સહકારથી શ્રી નીલકંઠ મહાદેવ મંદિરે આ શાકોત્સવ ઉજવાયો. જેમા જેતલપુર, સલકી, હિંમતનગર, ગઢડા આદિક ધામોથી સંતોએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અનેક ભક્તોએ આ પ્રસંગનો લાભ લીધો હતો.

(શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

### ભાવપુરા ગામે વિજયસ્તંભ તથા શાકોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૧૬-૧-૨૩ ના સોમવારના દિવસે ભાવપુરા ગામને આંગણે આગામી પંચદશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં અખંડ ધૂનની પૂર્ણાહુતિ, વાજતે ગાજતે વિજય સ્તંભની ધજાનું સમગ્ર ગામમાં ફેરવી પૂજન સહિત સ્થાપન અને ભવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો.

અખંડ ધૂનના યજમાનપદે પ.ભ. ભીખાભાઈ નથુદાસ પટેલ, વિજયસ્તંભના યજમાનપદે પ.ભ. મહેન્દ્રભાઈ શિવરામદાસ પટેલ, શાકોત્સવના યજમાનપદે પ.ભ. પરષોત્તમભાઈ ત્રિભોવનદાસ પટેલ આદિ પરિવારોએ અલભ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુર, નારાયણપુરા, કાલુપુર, કલોલ, મહેસાણા, બાવળા, ઉવારસદ આદિક ધામોથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.

આગામી તા. ૧૩-૨-૨૩ થી ૧૫-૨-૨૩ સુધી પંચ દશાબ્દી મહોત્સવ અંતર્ગત વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત વચનવિધિ કથા પારાયણનું આયોજન કર્યું છે. જેનો દરેક ભક્તોને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

(શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

### નારણપુરા મંદિર (અમદાવાદ)નો ૨૯ મો પાટોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ તથા નારણપુરામાં બિરાજમાન

શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તેમજ સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શન-આયોજન પ્રમાણે તા. ૨૭-૧-૨૩ થી ૩૧-૧-૨૦૨૩ સુધી નારણપુરા મંદિરનો ૨૯ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. જેમાં પંચદિનાત્મક વિદૂરનીતિ કથા પારાયણનું આયોજન થયું. જેના વક્તાપદે શા. સ્વામી ધર્મનંદનદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

૨૯ માં વાર્ષિક પાટોત્સવના યજમાન પદે પ.ભ.શ્રી સ્મિતાબેન રાજેશકુમાર ભાવસાર, પ.ભ.શ્રી રાજેશકુમાર રતિલાલ ભાવસાર પરિવારે અલભ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા . ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. અનેક હરિભક્તોએ આ પ્રસંગના દર્શન કરી સુંદર લાભ લીધો હતો.

(શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**અનેક ગામડાઓમાં શાકોત્સવો-પાટોત્સવો**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી અમદાવાદ દેશના અનેક નાના-મોટા ગામોમાં ભવ્ય દિવ્ય શાકોત્સવો ઉજવાયો.

તા. ૧-૧-૨૩ ના નિકોલ ગામ (અમદાવાદ), તથા આદિશ્વર નરોડા, તેમજ સાંજે વિરમગામ, હિંમતનગર, તા. ૭-૧-૨૩ ના લાડપુર ગામે, તા. ૧૩-૧-૨૩ ના મકાખાડ, તા. ૧૧-૧-૨૩ ના અસલાલી, તા. ૨૭-૧-૨૩ ના વડથલ ગામે ભવ્ય પાટોત્સવો ઉજવાયા. (શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**નવાવાડજ મંદિર**

શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ ખાતે પ.પૂ ૧૦૮ લાલજી મહારાજશ્રીના સાનિધ્ય માં તારીખ ૨૯/૧/૨૩ ના રોજ ભવ્ય શાકોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતુ. ૪૦૦૦ જેટલા હરિભક્તો એ પ્રસાદ નો લાભ લીધો હતો. (કોઠારીશ્રી)

**ઉનાવા મંદિરમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ખાતે તા. ૧૪-૧-૨૦૨૩ ના રોજ ઠાકોરજી સમક્ષ ભવ્ય શાકોત્સવ અને કથા થઈ હતી. જેના યજમાન પ.ભ. કૃણાલ રમેશભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે ગામના તમામ હરિભક્તોએ કથા વાર્તા અને શાકોત્સવનો લાભ લીધો હતો.

(ફેનિલ મયુરભાઈ પટેલ - રામદાસ બાપા પરિવાર)

**મુબારકપુરાગામે કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે મુબારકપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨ થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન શ્રી વિદુરનીતિ ગ્રંથની ત્રિદિનાત્મક કથા મહંત સ.ગુ. શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ)ના વક્તા પદે થઈ હતી. ગામ સમસ્ત સમગ્ર પ્રસંગ ધામધૂમ પૂર્વક સંપન્ન થયો હતો.

(મહંતશ્રી દેવ સ્વામી - ઉનાવા)

**બિલોદરા ગામે સ્વામિનારાયણ વાડીનું ખાત મુહુર્ત**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી બિલોદરા ગામના સમસ્ત ગામની અગત્યની જરૂરિયાત હતી જે વાડી થાય તો ખૂબજ સૌને સગવડ મળી રહે. જેનું સુંદર આયોજન સંપન્ન થયું. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જયેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. (દેવ સ્વામી મહંતશ્રી - ઉનાવા)

**રામોલ જામફળ વાડી દશાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે રામોલ જામફળ વાડી શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૬-૧-૨૩ થી તા. ૧૯-૧-૨૩ દરમ્યાન સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજાખ્યાન રાત્રી કથા સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે થઈ હતી. અહીંના સર્વે હરિભક્તોએ સુંદર સેવા કરીને ઠાકોરજી અને ધર્મવંશીનો રાજીપો મેળવ્યો હતો. (મહંતશ્રી દેવ સ્વામી - ઉનાવા)

**સોનારડા ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી સોનારડા ગામના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૮-૧-૨૩ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૬ જાન્યુઆરીથી ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત ત્રિદિનાત્મક પારાયણ પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે

સંપન્ન થઈ હતી. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સમસ્ત ગામે તન, મન, અને ધનથી સેવા કરી હતી. પૂ. પી.પી. સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. (દેવ સ્વામી મહંતશ્રી - ઉનાવા)

**ગવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર ૪૧ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાનો ૪૧ મો પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૭-૧-૨૩ થી ૩૧-૧-૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ના વક્તાપદે થઈ હતી.

અન્ય સુંદર આયોજનમાં શ્રીમહાવિષ્ણુયાગ અને ૧૬ સંહિતા પાઠી વિરાજ્યા હતા. જેની સુંદર વ્યવસ્થા શા. દેવ સ્વામી (ઉનાવા) અને ભવ્ય પ્રદર્શન પણ યોજાયુ. જેની વ્યવસ્થા સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ સંભાળી હતી. તા. ૨૮-૧-૨૩ના પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૩૦-૧- ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગનું સુંદર સભા સંચાલન કોટાના યુવા મહંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી અને મહેન્દ્ર ભગતે સંભાળ્યું હતુ. અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ડાયરો આદિ ખૂબજ સુંદર થયા હતા. સમસ્ત ગામના સુંદર આયોજનથી સમગ્ર પ્રસંગ ધામધૂમથી ઉજવાયો હતો. (શા. દેવ સ્વામી - ઉનાવા મહંતશ્રી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**માગસર સુદ-૧** પ.ભ. પ્રવિણભાઈ રણછોડભાઈ પટેલ (અસલાલી). **માગસર સુદ-૨** પ.ભ. પાર્થ જયંતીભાઈ પટેલ, પ.ભ.અ.નિ. સેજલબેન સાગરભાઈ (રાજપુર-ડીસા). **માગસર સુદ-૩** પ.ભ. દશરથભાઈ રેવાભાઈ પટેલ (ડુંગરી), પ.ભ. ડાહ્યાભાઈ ગોવાભાઈ ચૌધરી (મકાખાડ). **માગસર સુદ-૪** પ.ભ. ફુલબાઈબેન તથા જીવાભાઈ ખૂટ (જરગલી), પ.ભ. હિતેષભાઈ રતીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈ ખિચડીયા (નિકોલ), પ.ભ.અ.નિ. નયનભાઈ પંડ્યા (અમદાવાદ), પ.ભ. તુષારભાઈ ચૌધરી (પ્રતાપપુરા). **માગસર સુદ-૫** પ.ભ. નિમેષભાઈ વાડીલાલ ઠક્કર (કેસરડી), પ.ભ. નિતાબેન રાજેશભાઈ પટેલ (ગોરાસુ), પ.ભ.અ.નિ. રણછોડભાઈ ભગત (સિધ્ધપુર). **માગસર સુદ-૬** પ.ભ. સંજય બળદેવભાઈ પટેલ (મોટેરા), પ.ભ.અ.નિ. ચંદુભાઈ સાંગાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. રાજબાઈ મનજીભાઈ પટેલ (નડીયાદ). **માગસર સુદ-૭** પ.ભ. વલ્લભભાઈ ગોરધનભાઈ ડોબરીયા (ઢાકણીયા). **માગસર સુદ-૮/૯** પ.ભ. મનજી ધનજી રાબડીયા (કચ્છ), પ.ભ. ભીખાભાઈ મૂળજીભાઈ ક્યાડા (નિકોલ). **માગસર સુદ-૧૦** પ.ભ. મીનાબેન કલ્પેશભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. પ્રણવ અતુલકુમાર ભાવસાર (અમદાવાદ), પ.ભ. મહેશભાઈ હિરાલાલ પૂજારા, પ.ભ. અશ્વિનભાઈ પટેલ (રાજકોટ). **માગસર સુદ-૧૧** પ.ભ. સરોજબેન વી. દવે (અમદાવાદ), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર). **માગસર સુદ-૧૨** પ.ભ. મેહુલભાઈ એન. આર. પટેલ (ગાંધીનગર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ.અ.નિ. નિધીબેન લાલજી હિરાણી (કોડકી-કચ્છ), શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (અમદાવાદ), પ.ભ. હંસાબેન પટેલ (ભુજ-કચ્છ). **માગસર સુદ-૧૫** પ.ભ. હેલ્લી અશ્વિનભાઈ શિરોયા (અમદાવાદ), પ.ભ. વિજય બ્રિજેશભાઈ ભાવસાર (ન્યુ રાણીપ), પ.ભ. કિરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. શ્યામ નારણ ગોપાલ વરસાણી (સામત્રા-કચ્છ).

**માગસર વદ-૧** પ.ભ. હિત સંજય નાયક, પ.ભ. હિતેષભાઈ રમણભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. સુશીલાબેન કિરીટભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. ભીમજી દેવજી ગોરસીયા (સુખપર-કચ્છ). **માગસર વદ-૨** પ.ભ. આકાશભાઈ ચોકસી (અમદાવાદ). **માગસર વદ-૩** પ.ભ. સરોજબેન જીજ્ઞેશભાઈ (ગવાડા), પ.ભ. રતન માતાજી (માણેકપુર), પ.ભ. રવિન્દ્રભાઈ ત્રિભોવનભાઈ પટેલ (વડોદરા), પ.ભ. ખીમજીભાઈ વશરામભાઈ વડગામા, પ.ભ. મયુર ચિનુભાઈ પટેલ (અમદાવાદ). **માગસર વદ-૪** પ.ભ.અ.નિ. હરિવદન રતનલાલ શેલત (અમદાવાદ). **માગસર વદ-૫** પ.ભ. ભૂપેન્દ્ર હિરજી ભુડીયા (ફોટડી-કચ્છ). **માગસર વદ-૬** પ.ભ. સરલાબેન હરિપ્રસાદ પટેલ (ખેરોલ), પ.ભ.અ.નિ. મંગુબેન નારણભાઈ પટેલ (સૈજપુર). **માગસર વદ-૭** પ.ભ. જયંતીભાઈ લાલજીભાઈ હિરપરા (નિકોલ). **માગસર વદ-૮** પ.ભ. જયંતી વાઘજી હાલાઈ (મેઘપર-કચ્છ), પ.ભ. કેસરબાઈ કરશન વરસાણી (રામપર-વેકરા-કચ્છ), પ.ભ.અ.નિ. શિવમ વિક્રાંત અરવિંદભાઈ પટેલ (અમદાવાદ). **માગસર વદ-૯** પ.ભ. બીનાબેન યોગેશભાઈ ધોળકિયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. દિપકભાઈ પ્રેમજી (માધાપર-કચ્છ). **માગસર વદ-૧૦** પ.ભ. પટેલ મનુસખભાઈ હરજીભાઈ (અમદાવાદ), પ.ભ. વલ્લભ ભગત (માંડવધાર), પ.ભ. વસંતભાઈ રાવજીભાઈ અમીન (અમદાવાદ), પ.ભ. હસમુખભાઈ રમણભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ.અ.નિ. કંકુબેન દેવજીભાઈ પટેલ (રતનપુર), પ.ભ. રશ્મિકા તીર્થકુમાર, મેઘલ કિશનકુમાર (અમદાવાદ), પ.ભ. પરસોતમભાઈ વિરાભાઈ ઢોલા (ભાવનગર), પ.ભ. રજનીકાંત આર. ત્રિવેદી, પ.ભ. પ્રતાપભાઈ જે. પરમાર (બલોલ-ભાલ). **માગસર વદ-૧૨** પ.ભ.અ.નિ. ઈલાબેન સુખડીયા (નિકોલ), પ.ભ. અનંદીબેન બાબુભાઈ પટેલ (નરોડા), પ.ભ. ધ્યાન દિનેશભાઈ હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. વિણાબેન નરેશભાઈ વોરા (અમદાવાદ), પ.ભ.અ.નિ. પ્રભાબેન કુંવરજીભાઈ (અમદાવાદ), પ.ભ. બાલ ગોપાલ ઘનશ્યામ (અમદાવાદ), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર). **માગસર વદ-૧૩** પ.ભ. અ.નિ. જુગલભાઈ પ્રવિણભાઈ પારેખ. **માગસર વદ-૩૦** પ.ભ.અ.નિ. મણીબેન અમૃતભાઈ ચૌધરી (ધમાસણા), પ.ભ. શારદાબેન રમણીકલાલ સોની (અમદાવાદ), પ.ભ. પ્રદિપાબેન તથા અરૂણાબેન (અમદાવાદ), પ.ભ. ચિરાગભાઈ ધીરૂભાઈ પ્રજાપતિ (અમદાવાદ)

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યુ.



ભાયલા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા હરિભક્તો



વડનગર મંદિર મૂર્તિપૂર્તિ મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



વિસનગર મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



નારણપુરા મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ચેરડા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક દર્શન





છપિયામાં શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા અને યુ.પી.નાં સાંસદ શ્રી બ્રીજભૂષણ શરણસિંહને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023




શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સગવડ માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશિયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશો.
http://www.swaminarayan.in/donation